ૐ
''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મુલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૮ ૧ સપ્ટેમ્બર ૨૦૧૫ પાના-૮ લવાજમ વાર્ષિક-રૂ.૧૦૦/-

## રાજવાણી - 'મત'

સ્યાદવાદ શૈલીમાં જોતાં કોઈ મત અસત્ય નથી. જીવ મતભેદાદિ કારણોને લઈને રોકાઈ જઈ આગળ વધી શકતો નથી. મતભેદ અથવા રૂઢિ આદિ નજીવી બાબત છે, અર્થાત તેમાં મોક્ષ નથી. માટે ખરી રીતે સત્યની પ્રતીતિ કરવાની જરૂર છે. માન અને મતાગ્રહ એ માર્ગ પામવામાં આડા સ્તંભરૂપ છે તે મૂકી શકાતાં નથી અને તેથી સમજાતું નથી. સમજવામાં વિનય ભક્તિની પહેલી જરૂર પડે છે. ભક્તિ માન, મતાગ્રહના કારણથી આદરી શકાતી નથી.

વર્તમાનમાં લોકોને જ્ઞાન તથા શાંતિ સાથે સંબંધ રહ્યો નથી, મતાચાર્યે મારી નાખ્યા છે.

જે મતભેદે આ જીવ ગ્રહાયો છે, તે મતભેદ જ તેના સ્વરૂપને મુખ્ય આવરણ છે.

અમને તો બ્રાહ્મણ વૈષ્ણવ ગમે તે સમાન છે. જૈન કહેવાતા હોય, અને મતવાળા હોય તો તે અહિતકારી છે; મત રહિત હિતકારી છે.

જ્યારે જ્ઞાનીપુરુષો થાય છે ત્યારે મતભેદ કદાગ્રહ ઘટાડી દે છે. અજ્ઞાની કુગુરુઓ મતભેદ ઠામઠામ વધારી કદાગ્રહ ચોક્કસ કરે છે. મતભેદને છેદે તે જ સાચા પુરુષ.

મતભેદ રાખી કોઈ મોક્ષ પામ્યા નથી વિચારીને જેણે મતભેદને રાખ્યો, તે સંતવૃત્તિને પામી ક્રમે કરી શાશ્વત મોક્ષને પામ્યા છે, પામે છે અને પામશે.

મતમતાંતરમાં પડવું નહી, જીવને જ્યાં સુધી સંતનો જોગ ન થાય ત્યાં સુધી મતમતાંતરમાં મધ્યસ્થ રહેવું યોગ્ય છે. મતાગ્રહ વિષે બુધ્ધિને ઉદાસીન કરવી યોગ્ય છે. મતમતાંતરનો ત્યાગ કરવો; અને જેથી મતમતાંતરની વૃધ્ધિ થાય તેવું વાંચન લેવું નહી.

ગચ્છના કે મતમતાંતરના પુસ્તકો હાથમાં લેવાં નહી. પરંપરાએ પણ કદાગ્રહ આવ્યો તો જીવ પાછો માર્યો જાય, માટે મતોના કદાગ્રહની વાતોમાં પડવું નહીં. મતોથી છેટે રહેવું; દુર રહેવું.

તે (પૂર્ણજ્ઞાનીના) સત્સંગમાં તેવા પરમજ્ઞાનીએ ઉપદેશેલો શિક્ષાબોધ ગ્રહણ કરવો એટલે જેથી કદાગ્રહ, મતમતાંતર, વિશ્વાસઘાત અને અસત્ વચન એ આદિનો તિરસ્કાર થાય, અર્થાત તેને ગ્રહણ કરવા નહી. મતનો આગ્રહ મુકી દેવો. આત્માનો ધર્મ આત્મામાં છે, આત્મત્વ પ્રાપ્ત પુરુષનો બોધેલો ધર્મ આત્મતા માર્ગરૂપ હોય છે. બાકીના માર્ગના મતમાં પડવું નહી. આટલું થતાં છતાં જો જીવથી સત્સંગ થયા પછી કદાગ્રહ, મતમતાંતરાદિ દોષ ન મૂકી શકાતા હોય તો પછી તેણે છૂટવાની આશા કરવી નહીં.- **શ્રીમદ્જી**

## સંતબાલજી સ્ફુરણાવલી

દર્શન પહેલાં આત્મજ્ઞાન નથી હોતું પણ આત્મજ્ઞાનના પગથિયારૂપ જિજ્ઞાસા હોઈ શકે છે. જિજ્ઞાસાનાં બે અંગરૂપ વિચાર અને વિવેક હોઈ શકે છે. જિજ્ઞાસા ન હોય તો તો દર્શન પણ ન સંભવે; એમ શ્રી ઉત્તરાધ્યયનનું અઠ્ઠાવીશમું અધ્યયન ભાખે છે. આત્મજ્ઞાન પહેલાં ચારિત્ર એટલે આત્મરમણતા ન હોઈ શકે પણ સદાચાર જરૂર હોઈ શકે છે. સદાચાર એટલે શિષ્ટ સંમત આચાર અથવા પવિત્ર વિચાર, પવિત્ર વાણી અને પવિત્ર કર્મ. શ્રી વર્ધમાને ત્રિશલાદેવીના કૂખમાં રહ્યાં રહ્યાં - જાતને દમવું, અન્યને દેવું અને દયા કરવી - એ ત્રણ સદ્ગુણો બતાવ્યા હતા, એટલે જૈન આગમો કહે છે જન્મતાંવેત જ એમનો દર્શનપ્રકાશ ચોમેર ફેલાઈ ગયો. અને ક્રમેક્રમે બીજના ચંદ્રમાની જેમ વધવા લાગ્યો.

છદ્મસ્થ-સંસારી એક ક્ષણમાત્ર પણ નિષ્ક્રિય રહી શકતો નથી, જો શુભ નહિ તો અશુભ અને બેય નહિ હોય, ત્યારેય સત્ તો હોવાનું જ છે. તો સત્‌ની અભિરુચિપૂર્વક જે પ્રસંગે જે કર્મ કે જે વિચાર આવે ત્યારે એમને નિર્મળ હૃદયના જળથી શુદ્ધ કરીને અપનાવી લેવાં એ જ રાજમાર્ગ છે. નહિ તો વાણીમાં આત્મા શબ્દ આવશે પણ અનુભવ નહિ આવે અને આત્મિક અનુભવ નહિ આવે ત્યાં લગી અંત:કરણમાં સત્યનું અવતરણ નહિ થાય. અને એ અવતરણ વિના ખરું જ્ઞાન તેમ જ ખરો આનંદ કાયમી નિવાસ નહિ કરે.

સૌના ગુણ લો અને જીવનને ઠાંસોઠાંસ ભરી દો, પણ કોઈ એક જ માન્યતાના કેદખાનામાં પુરાઈ ન જાઓ.

વ્યક્તિઓ અનંત છે, તેમ પ્રણાલિકાઓ અનંત હોઈ શકે છે. તમે એ સર્વનો પ્રકાશ ઝીલવા માટે દર્પણ બનો; એટલે તમેય ઝીલશો અને બીજાંનેય એ પ્રકાશનો લાભ સહેજે મળશે.-**મુનિશ્રી સંતબાલજી**

## આત્મ નિરીક્ષણ

બહારના જગતમાં લડાતા યુદ્ધો અને બગાડનું મૂળ અંદર જ હોય છે. સૌથી પહેલાં વસ્તુ અંદરથી બગડે છે. જેમ જેમ સડો વધે તેમ તેમ તે બહાર દેખાય છે. એક વ્યક્તિનો બગાડ કેવળ તે વ્યક્તિને જ નહીં પણ સમાજ રાષ્ટ્ર અને વિશ્વનો બગાડ કરે છે. એટલે વિશ્વયુદ્ધ કે વિશ્વશાંતિ જે લાવવું હોય તે આપણાં હાથની વાત છે.

**- ગુરુવર્ય નાનચંદ્રજી મહારાજ**

# તંત્રી સ્થાનેથી-

## આજે તાતી જરૂર છે ગોસંવર્ધનની

આજે ગૌશાળાઓ ઘણી ચાલે છે પણ મોટા ભાગની ગૌશાળાઓ દાન ઉપર ચાલી રહી છે. આવી ગૌશાળાઓમાં પણ પશુ સંખ્યા વધે છે તો પશુ પાલકોની જેમ વધારાના પશુઓને પાંજરાપોળમાં મૂકી આવે છે. પાંજરાપોળ છેવટે તો પશુઓ માટેની જેલ છે.

આજે આપણે ગૌશાળાઓ નહી પણ ગોસંવર્ધન કેન્દ્રો ખોલવાની જરૂર છે. ગોસંવર્ધન કેન્દ્રોમાં ગાયોની સારસંભાળ ઉછેર વૈજ્ઞાનિક રીતે થાય. દેશી ગોવંશમાં જે ભરપૂર ઊર્જા-શક્તિ-સંપત્તિ રહેલ છે તેનો પ્રેરણા દાયક દાખલો આવો ગોસંવર્ધન કેન્દ્રોમાં જોવા મળે.

આજે ગુજરાતમાં ગીરગાયોનુ સંવર્ધન સારી રીતે ચાલી રહ્યું છે. ગાયોની કિંમત પણ સારી એવી વધી છે. ગોસંવર્ધન કેન્દ્રોના સફળ પ્રયોગોના કારણે પશુ પાલકો ધીરેધીરે ફરી પાછા દેશી ગાયોના ઉછેર તરફ વળ્યા છે. સારી ગીર ગાયની કિંમત આજે પચાસ હજારથી નીચે નથી અને પશુપાલકો એટલી ઊંચી કિંમતે લઈ શકે એવી એમની આર્થિક સ્થિતિ નથી.

ગુજરાતમાં બે સંસ્થા એવી જોઈ કે જ્યાં ઉત્તમ સંવર્ધન થાય છે. તેમના વાછડા-વાછડી-સાંઢોની પશુપાલકોમાં સતત માંગ રહે છે. વિશેષતા એ છે કે આ બંને સંસ્થા વિનામૂલ્યે પશુપાલકોને ગાય, વાછડી વાછરડા-સાંઢો આપે છે. (૧) મહાજન ગૌશાળા, જકાત નાકા પાસે, ઘોઘા સર્કલ, ભાવનગર અને (૨) બંસી ગૌશાળા સરખેજ, અમદાવાદ (રાજકોટ સર્કલ પાસે) બંનેમાં ઉત્તમ વૈજ્ઞાનિક રીતે સંવર્ધન કાર્ય ચાલે છે અને વિનામૂલ્યે સાંઢો આપીને ગોવંશ સુધારણાનું ઉત્તમ કામ કરે છે. હમણા જ બંસી ગૌશાળાની ૧૮/૮ના મુલાકાત લીધેલ. ખરેખર જોવા જેવું આ કેન્દ્ર છે. આપણે ગમે તેટલી વાતો કરીએ, ગાય ખેડૂતને ત્યાં કે પશુપાલકોને ત્યાં હશે તો જ બચશે. પાંજરાપોળ-ગૌશાળાઓ ચાલી રહી છે તેને વંદન કરીએ પણ એ સાચો ઉપાય નથી. ગોવિજ્ઞાન ભારતી મુંબઈ એ આ દ્રષ્ટિથી ગ્રામ સ્વરાજ સમિતિની સાથે મળીને ગોસંવર્ધનનું આવું કાર્ય મુંબઈ નજીક ૬।। એકર જમીનમાં પનવેલ (નવી મુંબઇ) થી ૨૦ કિ.મી. દૂર ભાનઘર (નેરે) ગામમાં શરૂ કરેલ છે.

શૂન્યમાંથી સર્જન કરવાનો આ પ્રયાસ છે અને અનુભવી માર્ગદર્શક શારદાનંદજી મિશ્રાનો સાથ સહકાર માર્ગદર્શન છે એટલે આ કાર્ય સફળ થઈ શકે તેમ છે. જરૂર છે માત્ર ગોપ્રેમીઓના તન મન ધનના સાથ સહકારની, જે મળી રહેશે એવા શ્રધ્ધા વિશ્વાસ સાથે આ પ્રયોગ શરૂ કર્યો છે. આપનો ચેક 'ગોવિજ્ઞાન ભારતી' C/o. અમૃતલાલ દોશી, ૧૫, કુબેર કુંજ, કારાણી લેન, ઘાટકોપર (પશ્ચિમ), મુંબઈ મોકલી આપવા વિનંતિ અથવા **ગોવિજ્ઞાન ભારતી-મુંબઈ,** કોરપોરેશન બેંક-ઘાટકોપર (પશ્ચિમ) બ્રાંચ, **SB A/c. No. 36800101014011** માં ભરી શકો છો. સંસ્થા પાસે ૮૦ જી સરટીફીકેટ છે.

**સંપર્ક : અમૃતભાઈ દોશી - મો. નં. ૯૨૨૩૫૫૨૬૫૩**
**રમેશભાઈ દોશી - મો. નં.૭૫૦૬૭૫૦૨૫૧**

**નોંધ:** આ જ અંકમાં 'ગોપુરમ્' નો લેખ મુકેલ છે. વરસો પહેલા નંદીગ્રામમાં ગૌશાળા ચાલુ કરેલ ત્યારે મકરંદભાઈએ આ ચિત્ર દોરેલ- એક બીજ વાવેલ, આવો આપણે સાથે મળી સાકાર કરીએ.

# આ ગુલામીની દોટ ક્યારે અટકશે ?

આ અંકમાં પ્રેસમાં જઈ રહ્યો છે ત્યારે જ પાટીદારના અનામત આંદોલને ગુજરાતમાં હિંસક વળાક લીધો છે. પ્રજાની મિલકતોનો નાશ કરવામાં આવ્યો છે. બસો સળગાવી, રસ્તા રોક્યા, સ્કૂલ, કૉલેજો, બજારો એક દિવસ બંધ રહ્યા અને પાછી ગુજરાત બંધની હાકલ કરી છે.

આ છે શું ? ગુલામ થવાની એક હોડ ચાલી રહી છે. બધાને ગુલામ બનવું છે. પાંચ વરસ ફીક્સ પગારની નોકરી માટે પણ દસ લાખ જેવી લાંચ દેવી પડે છે અને છતાં પટાવાળા જેવી મામુલી નોકરી માટે લાઈન લાગે છે. આજનું શિક્ષણગુલામ બનાવવાની ફેક્ટરીઓ બની ગઈ છે અને સહુને ગુલામ બનવું છે. પેકેજમાં જ બધાને રસ છે. ગમે એટલું મોટું પેકેજ હોય છતાં આત્માને મારીને જ આ નોકરીઓ થઈ શકે. એક કવિ કહે છે.

નામ ઠામ ને નાણું ભાણું ગોઠવવામાં રાત પડી ગઈ
જાતને આગળ ધરતાં ધરતાં આખે આખી જાત મરી ગઈ
અંદર ખાને કબર બની ગઈ તોય અમે મજામાં તમે મજામાં

આપણી ખુમારીનો ખુડદો બોલાવી દીધો છે આ શિક્ષણે. આપણને સ્વતંત્રતાનું નહી ગુલામીનુ શિક્ષણ આપવામાં આવે છે. હજી સમય છે જાગીએ. આજ અંકમાં એક ચાર્ટર્ડ એકાઉન્ટની વાત લખી છે. ખુમારીને જાગૃત કરીએ તો ધરતીમાં અખૂટ ધન છે. એ ધન મેળવવાનો સત્પુરુષાર્થ કરીએ ધરતી માતા સહુને તન મન ધનનું સુખ આપી શકે તેમ છે. જાગીએ.

આદરણીય એ.પી.જે. કલામ સાહેબ એક અદ્‌ભૂત વ્યક્તિત્વ આવ્યું ને ગયું. સમાજને ભરપુર આપ્યું પણ આપણે લઈ શક્યા નહી. કલામ સાહેબે ઘણું લખ્યું છે અને એક ખાસ લેખ સ્વચ્છતા માટે લખેલ, લગભગ બધી જ ભાષાઓમાં એ છપાયેલો. 'can you spare 10 minutes for this country?' આપણે આ એક જ વાત સ્વચ્છતાની સ્વીકારી અને અમલ કરીએ એ જ કલામ સાહેબ ને સાચી શ્રધ્ધાંજલિ ગણાશે. આ એક જ સુચનમાં અબજો રૂપિયાનો સંપતિનો જે નાશ ગંદકી પર આપણી ગલત આદતોથી કરીએ છીએ તે બચી જાય. આપણે એક થઈએ અને કલામ સાહેબનું સ્વપ્ન સાકાર કરીએ. શું આપણે આ વિષે વિચારશું ?

## આ અંકમાં


| | |
|---|---|
| રાજવાણી - સંતબાલજી વાણી - | ૧ |
| તંત્રી સ્થાનેથી - | ૨ |
| ગોપૂરમ - મકરંદભાઈ દવે - વંદેમાતરમ્‌નું સન્માન - | ૩-૪ |
| સજીવ ખેતીમાં સફળતા - ડૉ. કલામને સલામ- | ૫ |
| પહેચાન તુમ્હીસે હૈ - | ૫ |
| શાસકો આવા હોય - ખુશીનો વિચાર કરીએ - | ૬ |
| પત્રપ્રસાદી - જાહેર આમંત્રણ - લવાજમ - | ૭ |
| જાત હૈ સો પાવત હૈ - | ૮ |

# ગોપુરમ્ (પૂ. મકરંદભાઈએ વાવેલ બીજ)

માનવજગત ૨૧મી સદીને આરે આવીને ઊભું છે, ત્યારે ભૌતિકવાદ અને ભોગવાદના અતિરેકમાંથી જન્મતાં અનેક વિનાશક અંધકારભર્યા પરિબળો અને સમસ્યાઓ એને ચોમેરથી ઘેરી રહેલાં દેખાય છે. સમગ્ર જીવનને પોષક અને ઊર્ધ્વગામી બનાવનાર તત્ત્વોને બદલે દુનિયામાં સર્વત્ર ઊંચેરા, મૂલ્યોને હ્રાસ કરનારી બાબતોને સમર્થન અને સંરક્ષણ અપાઈ રહ્યું છે. માનવજાત સામે આ એક મોટો પડકાર ઊભો થયેલો છે. વિશ્વભરમાં અનેક સચિંત લોકો દ્વારા આ પડકાર ઝીલવાના વિવિધ પ્રયાસો થઈ રહ્યાં છે. ગોપુરમ્ આવો જ એક નમ્ર સંનિષ્ઠ પ્રયાસ છે. આ પ્રયાસ અત્યારે તો નાનકડા બીજરૂપે છે, પણ વ્યાપક સ્તરે એને ઉપાડી લેવામાં આવે તો ભારતની ગ્રામપ્રજાનું આર્થિક અને સાંસ્કૃતિક નવનિર્માણ કરવા ઉપરાંત જીવનની દિશા ચીંધવાનું તેનામાં સામર્થ્ય છે.

ગોપુરમ્‌ના પાયામાં ગાય છે. પણ એની ગૌચર્યાનું ક્ષેત્ર સમષ્ટિને અડે છે. આપણે ત્યાં ગૌશાળાઓ, પાંજરાપોળો, ગોસેવાને વરેલી સંસ્થાઓ છે. ગાયો અને ગોવંશના રક્ષણ માટે ઝઝૂમતાં કેન્દ્રો દ્વારા સત્યાગ્રહનો કાર્યક્રમ પણ લાંબા સમયથી ચાલે છે. ગોપુરમ્ આમાં એક વિશિષ્ટ દર્શન લઈને આવે છે.

દક્ષિણનાં મંદિરોમાં ગોપુરમ્ એ મુખ્ય મંદિરનું પ્રવેશદ્વાર હોય છે. એવું જ આ ગોપુરમ્ નવા યુગનું મંગળદ્વાર છે. ગાયને ભારતીય સંસ્કૃતિએ માતાપદે સ્થાપી છે. એ પોષણ અને વાત્સલ્ય ઉપરાંત કલ્યાણકારી જીવન જીવવાની એક દ્રષ્ટિ પણ આપે છે. ગાંધીજીએ ગાયને કારુણ્યની કવિતા કહી છે. ગોપુરમ્‌માં ગાય, ગોવંશ અને જમીનને કેન્દ્રમાં રાખી સમગ્ર ગ્રામજીવનને સમૃધ્ધ કરવાની યોજના તો છે જ, પણ સાથે 'ગો' પાલન દ્વારા ગોપાલ (કૃષ્ણ) સુધી પહોંચવાની આધ્યાત્મિક ઉપાસના અને ગોવિદ્યાને ભવિષ્યના વિજ્ઞાન તરીકે વિકસાવવાનો મનોરથ પણ છે.

ભારતમાં મોટા ભાગના લોકો ખેતી અને ગોપાલન એક સિક્કાની બે બાજુની જેમ પરસ્પર સંકળાયેલા છે. બળદ એ ભારતીય કૃષિની કરોડરજ્જુ છે. પણ આજે દેશની આ કરોડરજ્જુ ભાંગી જાય એટલી હદે પશુઓની કતલ થઈ રહી છે. ભારતમાં કાયદેસરના આશરે ૪૦૦૦ કતલખાનાં છે. જેમાં રોજના અંદાજે ૨ લાખ પશુઓ કપાય છે. ખાનગીને ગેરકાયદેસર તો જુદા. એક તરફ પશુધનના નાશથી છાણનો પુરવઠો ઘટી રહ્યો છે, જે ઊર્જાનો સુલભ સ્રોત અને જમીનની સજીવતા અને ઉત્પાદકતાનો મુખ્ય આધાર છે. બીજી તરફ બળતણનો પણ પ્રશ્ન જટિલ બને છે, લોકો વૃક્ષ કાપવા લાચાર બને છે. રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ, ટ્રેક્ટરનો અવિચારી ઉપયોગ-આ બધાથી જમીનની ફળદ્રુપતા નાશ પામી રહી છે. સબસીડીઓને કારણે ખેડૂત સરકાર પર આધાર રાખતો, ઓશિયાળો બની ગયો છે. સંકર ગાયોની યોજનાથી ભારતીય પશુવિજ્ઞાનને મોટું નુકસાન પહોંચ્યું છે. રાસાયણિક ખાતર ટૂંક સમય માટે ઉત્પાદન વધારે છે, પણ એનાથી અનાજ-ફળની મીઠાશ અને પોષણ મૂલ્ય ઘટે છે ને લાંબે ગાળે જમીન નિઃસત્ત્વ થાય છે.

આ જમીનને બચાવવાનો એકમાત્ર ઉપાય છે સજીવ ખેતી, અને તે માટે જરૂરી છે ગાયનું છાણ અને ગોમુત્ર. એક ગાયના છાણ-મૂત્રના વ્યવસ્થિત ઉપયોગથી એક હેક્ટર જેટલી જમીન ફળદ્રુપ બનાવી શકાય એવો પ્રયોગ થયો છે. યોગ્ય આહાર અને માવજત પામેલી દેશી ગાય ૩૫ લીટર જેટલું દુધ આપી શકે છે. કહેવાતા વિકસિત દેશોમાં ગાયની માવજત એ રીતે કરાય છે કે તે વધુને વધુ દુધ આપે. તેમના લોભને થોભ નથી. ગાયના આંચળને દોહતું મશીન સતત લગાડેલું રાખવામાં આવે છે. ભૌતિક્તાવાદનું આ ભયંકર ખાઉધરાપણું દરેક વસ્તુને પોતાના સ્વાર્થ માટેનું સાધન સમજે છે. ગાયને હોર્મોન અને સ્ટરોઈડ આપવામાં આવે છે. હષ્ટપુષ્ટ અને તગડી બનાવવામાં આવે છે અને જેવી ગાય દૂધ આપતી બંધ થાય કે તેને કતલખાને ધકેલી દેવાય છે.

આપણા માટે ગાય ઉપયોગ કે ઉપભોગની વસ્તુ નથી, પણ જમીનને, ખેતીને, માનવજાતને પોષતી વિશ્વમાતા છે. ગાય, ગાયની વંશવૃધ્ધિ, ગોવંશનું સંરક્ષણ એ માત્ર ભારતની જ નહિ, વિશ્વની અનિવાર્ય આવશ્યકતા છે. ભૂગર્ભ તેલનો જથ્થો ક્યારેક તો ખૂટવાનો જ છે, તે વખતે ગાય અને બળદ સિવાય બીજો વિકલ્પ નહિ રહે. ગોપુરમ્ સાહિત્ય અને અન્ય માધ્યમો દ્વારા આ બધી વાતો કહેવા અને પ્રયોગો દ્વારા સિધ્ધ પણ કરવા માગે છે. ભારત માટે દેશી વંશજ સર્વથા યોગ્ય છે એમ ગોપુરમ્ ભારપૂર્વક માને છે. ગુજરાતનું સદ્‌ભાગ્ય છે કે આ દિશામાં અનેક સંસ્થાઓ કામ કરી રહી છે. ગોપુરમ્ એમાં એક વિશેષ આયામ ઉમેરે છે.

**ગોપુરમ્‌નો ઉદ્દેશો :**

- **ગોપુરમ્‌નાં આઠ અંગો છે :** ગોપાલન, ગોરક્ષણ, ગોસંવર્ધન, ગોસંશોધન, ગોચિકિત્સા, ગોવિજ્ઞાન, ગોવિદ્યા અને ગોમંત્રગાન : તેનું સુસ્પષ્ટ દર્શન આપતું એક સબળ કેન્દ્ર રચવું, જેના થકી :
- આપણી ગો-આધારિત કૃષિ-સંસ્કૃતિ ફરી જાગ્રત અને પ્રાણવાન બને તથા સ્વાવલંબી સ્વાશ્રયી ગ્રામવિકાસના નિર્માણ માટે હવા ફેલાય.
- ગાય અને બળદની વાતો જૂનવાણી ધાર્મિકતામાં ખપે છે તેને બદલે તેનાં મૂલ્યને મહત્તા સમાજમાં સ્થાપિત થાય.
- ગોવંશ પ્રત્યે શ્રધ્ધા અને ભાવના ધરાવતો સમર્પિત સેવક-સમૂહ તૈયાર થાય.
- ગોવંશના રક્ષણ, સંવર્ધનની સંપૂર્ણ વૈજ્ઞાનિક જાણકારી આ કેન્દ્રમાંથી મળી રહે, ગ્રામપ્રજાનાં અનેક ઘરોમાં ગાય/બળદ હોય અને તેમને પાળવાનું આર્થિક રીતે પોસાય તેમ છે તેવું સ્થાપિત થાય.
- ગોવિદ્યા અને ગોમંત્રગાન દ્વારા વિશિષ્ટ ઉપાસના-પધ્ધતિ વિકસે.

**કાર્યક્રમો :**

- દેશી ગાયોનું એક ગૌશાળા / ગૌસંવર્ધન કેન્દ્ર ઉભું કરવામાં આવશે જેમાં ઉત્તમ પધ્ધતિથી થતું ગાયનું પાલન અને નિદર્શન હશે.
- ઊંચી નસલ, પૌષ્ટિક આહાર અને સુયોગ્ય માવજત થકી ઉત્તમ પ્રકારના ખૂંટ તૈયાર કરવામાં આવશે જેથી ગાયની ઓલાદ સુધરે. આ માટે પ્રાચીન અનુભવો અને અર્વાચીન સંશોધનોનો સમન્વય કરાશે.

- સુધારેલી પધ્ધતિઓ દ્વારા ગોબર-ગોમૂત્રમાંથી ઉત્તમ ખાતર અને જંતુપ્રતિરોધક દવા બનાવવામાં આવશે.
- પાણીમાં ગોબર-ગોમૂત્ર નાખીને બનાવેલ દ્રાવણ વડે ક્ષારયુક્ત જમીન સુધારી શકાય છે અને જમીનની ઉત્પાદકતા વધારી શકાય છે. તેનું નિર્દેશન-કેન્દ્ર રચી, ખેડૂતોના લાભ માટે તેનો પ્રચાર કરવામાં આવશે.
- ઉત્તમ વાછરડા-વાછરડીઓનું વિતરણ કરાશે.
- ગાયના રોગો અને ચિકિત્સા વિશે સંશોધન તથા વ્યવસ્થા થશે, ગ્રામજનો માટે પણ તે ઉપલબ્ધ હશે, સાથે ગાયનાં દૂધ, દહીં, ઘી, છાણ અને મૂત્ર આ પંચગવ્યનાં જીવનદાયક તત્ત્વો સાથે વધુ વૈજ્ઞાનિકતા જોડવામાં આવશે. ગોબર-ગોમૂત્રમાંથી મનુષ્ય માટે પણ ઔષધિઓ બની શકે, તેવી ઔષધિઓનું નિર્માણ કરવા કે કરાવવામાં આવશે.
- મૃત પશુઓનાં હાડકાં, ચામડાં, શીંગડાં વગેરેનાં સમુચિત ઉપયોગ માટેની વ્યવસ્થા ઊભી કરવા પ્રયત્ન કરાશે. હિંસક ચર્મની બનાવટોને બદલે સ્થાનિક અહિંસક ચામડાની બનાવટોનું નિર્માણ કરવા તરફ લક્ષ ખેંચવામાં આવશે.
- ગોવિદ્યા એક વિશાળ જીવન-શિક્ષણ છે. ગાયને કેન્દ્રમાં રાખીને કરાતી એ ઉપાસના છે. એ માટે (૧) ગો-સેવક (૨) ગો-સાધક (૩) ગો-વિદ્ (૪) ગો-સિધ્ધ - એવો તબક્કાવાર અભ્યાસક્રમ યોજાશે.
- આ સંબધમાં સેવા-સંશોધન કરતા કે કરવા ઈચ્છતા લોકો તથા સંસ્થાઓને એક સાથે સાંકળી સઘળી માહિતીનો વિનિમય કરાશે અને સહુના પ્રયત્નોનું સુફળ સહુને મળી રહે તે માટે અવારનવાર શિબિરો યોજવામાં આવશે.

સમગ્ર માનવજાતને ઉત્તમ આરોગ્ય દ્વારા-પર્યાવરણીય સંતુલન દ્વારા - અહિંસા અને કરુણાના ગુણોની ખિલવણી દ્વારા - ગોસેવા થકી માનવ-ચેતનાને પ્રકૃતિની ચેતના સાથે જોડવા દ્વારા. એક એવી દુનિયાની કલ્પના કરો, જ્યાં જમીન રસકસવતી ફળદ્રુપ હોય, પાણી સ્વચ્છ હોય, હવા ચોખ્ખી હોય, સહુને પુરતાં અનાજ, દુધ, ઘી, છાશ મળતાં હોય, પર્યાવરણનું રક્ષણ કરતી નિરામય જીવન પધ્ધતિ હોય.

ગોપુરમ્‌નું આવું એક દુરગામી સ્વપ્ન છે.

**ગોમંત્રગાન:**

**ગા વૈ પશ્યામહં નિત્યં**
**ગાવ : પશ્યન્તુ માં સદા**
**ગાવોઽસ્માકં વયં તાસાં**
**થતો ગાવસ્તતો વયમ્**

નિત્ય હું ગાયોને જોઉં, ગાયો મને જુએ. ગાયો અમારી છે, અમે ગાયોના છીએ. ગાયો છે તેથીસ્તો અમારું અસ્તિત્વ છે.

ગોપુરમ્
નુતન યુગના પ્રભાતે
સુખ સમૃધ્ધિ શ્રેયનું પ્રવેશદ્વાર.

**- આદરણીય સ્વ. શ્રી મકરંદભાઈ દવે,**
**નંદીગ્રામ, વલસાડ**

## વંદેમાતરમ્‌નું સન્માન

મહારાષ્ટ્ર જેવા મોટા રાજ્યની વિધાનસભાના બેંન્ચની આગલી હરોળ હોય અથવા કોઈ ગામડાંની નાનકડી શાળાના પાછળના બાંકડા, તેના પર અવારનવાર હાથ પછાડીને ગણગણાટ થતો સંભળાય ત્યારે સમજવું કે આપણાં પવિત્ર રાષ્ટ્રીયગીત વંદેમાતરમ્ બાબત વાદવિવાદ ચાલે છે.

આજના આવા સંજોગો વચ્ચે ૧૯૧૮માં દિલ્હી ખાતે યોજાયેલાં કૉંગ્રેસ અધિવેશનમાં બનેલી વિરલ ઘટના યાદ કરવા જેવી છે. તે અધિવેશનનાં આરંભ વખતે સ્વયંસેવકો વંદેમાતરમ્ ગાવા મંચ પાસે આવ્યા ત્યારે પ્રમુખપદે બિરાજેલા પંડિત મદનમોહન માલવિયાજીએ પ્રેક્ષકોને કહ્યું કે આ યુવાનો વંદેમાતરમ્ ગાવાનું પૂરું કરે ત્યાં સુધી સૌએ આદરપૂર્વક ઊભા રહેવું.

બીજા નેતાઓ સાથે મંચ પર બેઠેલા તે વખતના કૉંગ્રેસના નેતા અને પ્રખર રાષ્ટ્રવાદી ગણાતા મહમદઅલી ઝીણા પણ મંચ પર ઊભા રહ્યા. પણ સ્વયંકસેવકોએ વંદેમાતરમ્ ગાવાનું શરૂ કર્યું છતાં આમંત્રિતો માટે અનામત રખાયેલી બેઠક પર બિરાજેલા એ વખતના વાઈસરોયની એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય સી. શંકરન નાયર આરામથી બેસી રહ્યા હતા. ઝીણાનું એ તરફ ધ્યાન ગયું. એટલે નાયરને અદબથી ઊભા રહેવા ઈશારો કર્યો. છતા નાયર બેસી રહ્યા.

હવે ઝીણાનો પિત્તો ગયો. લાલપીળા થઈને તેમણે મંચ પરથી ઘાંટો પાડીને નાયરને કહ્યુંઃ 'તમને ભાન નથી કે વંદેમાતરમ્ ગવાતું હોય ત્યારે આપણે, દરેક નાગરિકે તેને માન આપવા ઊભા થઈ જવું પડે છે? તમે રાષ્ટ્રગીતને માન નહીં આપો તો હું તમને મંડપની બહાર ધકેલી દઈશ.'

ત્યારે નાયરે જવાબ આપ્યો કે, 'હું રાષ્ટ્રગીતની અવગણના કરવા નથી માગતો. અસ્વસ્થ તબિયત અને સ્થૂળ દેહને કારણે હું લાંબો વખત ઊભો રહી શકતો નથી.' વંદેમાતરમ્ પૂરું થયું ત્યારે ઝીણાએ સ્ટેજ પરથી ઉતરી, નાયર પાસે જઈને વિનંતિ કરી કે બહેતર છે કે આપ અધિવેશન છોડી જાવ.

આમ એક જમાનામાં મહમદઅલી ઝીણાએ પણ વંદેમાતરમ્ પ્રત્યે આદર દાખવ્યો હતો. અરે, દેશના નવલોહિયા ક્રાંતિકારી યુવાન ખુદીરામ બોઝ અને રાજગુરુ હસતે મુખે 'વંદેમાતરમ્' બોલીને ફાંસીને માંચડે ચડી ગયા હતા. **- સૌ. કિશોરભાઈ શાહ, ઘાટકોપર**

---

જેવો અમરેલી જિલ્લામાં જળનો પ્રલય થયો, તેવો જ પ્રલય કચ્છ અને ઉત્તર ગુજરાત (રાધનપુર સમેત) માં થયો. નદીઓ નાથી લેવામાં આવી છે. તેથી નદીના વહેણો સૌ કોઈએ વાળી લીધા છે. પણ ટાણું આવ્યે નદી નદીત્વ સાથે તેનો પરંપરાગત મારગ શોધીને બે કાંઠે ધસમસતી, સેલ્લારા લેતી ક્યાં જઈને અટકે તે કોઈ કળી શકે તેમ નથી.

જેમના પર આફત આવી છે, પશુઓ તણાઈ ગયા છે - સૌ કોઈને અમે સાંત્વના પાઠવીએ છીએ.

પ્રકૃતિની સમજણ શીલતાને સાથે રાખીને હવે આપણે 'વિકાસ' સાધીએ તેવું કરીએ તો સમજ્યા ત્યાંથી સવાર.

**- તંત્રી. સૌ. સંગતમાંથી સાભાર**

## ચાર્ટર્ડ અકાઉન્ટન્ટે સજીવ ખેતીમાં સફળતા મેળવી

કચ્છના માંડવી તાલુકાના નાની ખાખર ગામના બે ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ ભાઈઓ નરેન્દ્રસિંહ ચતુરસિંહ જાડેજા અને અશોકસિંહ ચતુરસિંહ જાડેજા અત્યારે પોતાની વડીલોપાર્જિત ખેતીના વિકાસમાં લાગી ચૂક્યા છે. રાજકોટમાં અભ્યાસ કરીને તેમણે મુંબઈમાં ચાર્ટર્ડ અકાઉન્ટન્સીનો અભ્યાસ પૂરો કર્યો છે. ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ હોવા છતાં આ બન્ને ભાઈઓએ હાલમાં બીદડા અને નાની ખાખર ગામ વચ્ચે આવેલી પોતાની નિર્મળ વાડીમાં સજીવ ખેતી કરીને મોટી સફળતા મેળવી છે. અમદાવાદમાં છ મહિના પછી મોટા પગારની નોકરી પણ છોડી દીધી હતી. મોટા ભાઈ નરેન્દ્રસિંહે તો વિદેશમાંથી આવેલી ઑફર ઠુકરાવી દીધી હતી. આ બધા પાછળ કારણ એ હતું કે તેમને સજીવ ખેતી કરવાની લગની લાગી હતી. શરૂઆતમાં આ ભાઈઓએ શાકભાજીનું પુષ્કળ વાવેતર કર્યું. હાલમાં તેઓ જાતે જ શાકભાજીનું વેચાણ કરે છે. તેમની પાસે ૩૦ જેટલી કાંકરેજ ગાયો છે. તેઓ ગૌમૂત્રને જીવામૃત બનાવીને પિયત સાથે આપીને ખેતીમાં ઉત્તમ પરિણામો મેળવે છે. દવાના છંટકાવમાં પણ ગૌમૂત્ર સિવાય કોઈ પણ જાતનાં રાસાયણિક ખાતરો કે જંતુનાશક દવાનો તેઓ ઉપયોગ કરતા નથી.

ભવિષ્યમાં તેઓ ગોબરગૅસ પ્લાન્ટ બેસાડશે જેથી સરકાર પર LPGનો બોજો ઓછો થાય અને ઊપજ વધુ મેળવી શકાય. સજીવ ખેતીના ઉપયોગનો ફાયદો જણાવતાં અશોક સિંહ કહે છે, 'સજીવ ખેતી કરવાથી રાસાયણિક દવાઓ અને મોંઘાં બિયારણોનો ખર્ચ ઘટશે અને દેશમાં ખેડૂતોને આત્મહત્યા કરવાનો વારો નહીં આવે. ખેડૂતો પર દેવું પણ નહીં થાય અને આત્મહત્યાનું પ્રમાણ ઘટશે.'- **સૌ.મીડ ડે.**

## सेन फ्रांसिस्को में बोतल का पानी बंद

अमेरिका का सेन फ्रांसिस्को एकमात्र ऐसा शहर बन गया है, जहां सार्वजनिक स्थलों पर बोतलबंद पानी खरीदना और बेचना अब अपराध है। यहां के स्थानीय प्रशासन ने ज्यादा से ज्यादा लोगों को पेयजल मुहैया कराने और पानी व्यर्थ बहाने से बचने के लिए यह कानून बनाया है। इसका एक महत्त्वपूर्ण उद्देश्य पर्यावरण की सुरक्षा करना है। इस कानून को वहां 11-0 के मत से पारित किया गया। दुनियाभर में बडी मात्रा में प्लास्टिक की बोतलें सडकों या खाली मैदानों में फेंकी जाती है, जिससे गंदगी होती है, बीमारियां फैलती हैं। सिर्फ सेन फ्रांसिस्को में ही सालभर में एक से डेढ करोड प्लास्टिक की बोतलें एकत्र की जाती है।

पर्यावरण को सेहतमंद बनाये रखने के लिए यह कदम उठानेवाला सेन फ्रांसिस्को दुनिया का पहला शहर है। वर्ष 2020 तक यहां 'जीरो वेस्ट' का लक्ष्य निर्धारित किया गया है। प्रशासन के बोर्ड ऑफ सुपरवाइजर्स ने एक प्रस्ताव में कहा है कि वे इसे पूरे देश में लागू करने की कोशिश करेंगे। यहां वर्ष 2007 में ऐसा एक कानून पारित किया था, जिसे अब स्थायी रुप दे दिया गया है। हालांकि मैराथन, अन्य खेल गतिविधियों तथा विमानतल पर यह कानून लागू नहीं होगा। कोका-कोला और पेप्सीको जैसी कंपनी ने इस कानून का विरोध किया, लेकिन उनकी दलीलें खारिज कर दी गयी। - **सौ. मैत्री.**

## ડૉ. કલામને સલામ

ડૉ. કલામ ૨૦ જુન ૨૦૧૫ ના પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજને મળવા ગયેલા ત્યારે હેલીકોપ્ટરની વ્યવસ્થા કરી આપવાની તૈયારી દર્શાવી હતી. ત્યારે ડૉ. કલામે જણાવેલ કે, ''મહાન વ્યક્તિને મળવા એક માયાળુ તરીકે આવી રહ્યો છું અગવડ વિનાની યાત્રા હોય જ નહિ.''

યુવાનોને સફળ વ્યક્તિ બનવા માટે ''ફોર સ્ટેપ લેશન''
(૧) ઉચ્ચલક્ષ, (૨) સતત જ્ઞાન વધારતા રહો. (૩) સખત મહેનત કરો, (૪) સમસ્યાને તમારા ઉપર હાવી થવા દો નહિ.

પોતાની તંદુરસ્તીનું રહસ્ય જણાવતા કહેતા. ''લિવ ફોર અધર્સ થિન્ક ફોર અધર્સ'' એ મારા સ્વાસ્થની ગુરુ ચાવી છે, સમાજમાંથી મે જે મેળવ્યું છે એ સમાજને પરત કરવા પ્રયત્નશીલ રહુ છું તેમાં મને અપાર સંતોષ મળે છે. માટે થાક નથી અનુભવાતો હું હંમેશા ધાર્મિક માનવ રહ્યો છું; મારે ઈશ્વરની ભાગીદારીમાં કામ કરવાનું છે, મારી શક્તિ કેટલી છે? પચાસ ટકા શક્તિ હોય તો ઈશ્વર મારી નિષ્ઠા જોઈને બીજી પચાસ ટકા શક્તિ ઉમેરે છે તેવી મને પાકી શ્રધ્ધા છે.

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને મીસાઈલમેન ડૉ. અબ્દુલ કલામ હજુ ભૂલાતા નથી. તેમના અંગેની ઘણી સ્ટોરી બજારમાં વહેતી થઈ છે. સાંસદોને એક એવી સ્ટોરીનો મેસેજ મળ્યો છે કે તેનાથી ડૉ. કલામને સેલ્યુટ કરવાનું ચુકાય નહીં. ચેન્નાઈ સ્થિત એક્સપોટર નામે સૌભાગ્ય એન્ટરપ્રાઈસે ઈરાડ ખાતેના ફંકશનમાં ડૉ. કલામને એક ઘરઘંટી ભેટ આપી હતી. ડૉ. કલામે તે સ્વીકારી નહોતી પણ તેમના ઘર માટે ઘંટી જોઈતી હતી એટલે તેમણે કંપનીના નામે ચેક લખી આપ્યો. કંપનીને ડૉ. કલામ માટે માન હતું. તેમણે ચેક ના ભર્યો પણ ઘરઘંટી તેમના ઘેર મોકલી આપી હતી. જોકે ત્રણ-ચાર દિવસ પછી ડૉ. કલામની ઓફિસ પરથી કોલ આવ્યો હતો કે ક્યાં તો તમે ચેક બેંકમાં ભરો નહીંતર અમે ઘરઘંટી પાછી મોકલી આપીશું!! કંપનીવાળા આ ઘટનાથી ગદ્ગદ્ થઈ ગયા હતા. વડાપ્રધાન મોદીએ આ મેસેજ દરેક સાંસદને મોકલીને લખ્યું છે કે આ ઘટનાને તમારા જીવનમાં ઉતારો!!

## પહેચાન તુમ્હી સે હોતી હૈ

હર સાંસ તેરી ગુફતેગુ હોતી હૈ,
હર બાત તુમ્સે શુરુ, ખ્તમ તુમ્હી પે હોતી હૈ.

મેરી ઈબાદતોં કો કરના કુબુલ એ માલિક,
યે ઈબાદતેં અક્સર અધૂરી હોતી હૈ.

આયત-એ-કુરાન ન શ્લોક ગીતા હૈ,
મેરી બંદગી મેં ના ગુરુબાની હોતી હૈ.

સજદા કર લેતા હું જબ ભી જી ચાહા,
ઈસ મંદિર મેં વક્ત બેવક્ત આજાન હોતી હૈ.

મુરસીદ તુમસા ન મીલા ન કોઈ મીલેગા બાબલ,
મેરે વજુદ કી પહેચાન તુમ્હી સે હોતી હૈ.

**- કલ્પેશ આડેસરા**

# શાસકો આવા હોવા જોઈએ

૧૯૪૦ના વર્ષમાં સૌરાષ્ટ્રમાં દુકાળ પડ્યો. સ્વાભાવિક રીતે વેપારીઓએ અનાજના ભાવ વધારી દીધા. જે વેપારીઓએ અનાજનો સંગ્રહ કરી રાખ્યો હતો તેમણે બેફામ નફો રળવાનું શરૂ કરી દીધું.

એ વખતે ગોંડલમાં મહારાજા ભગવતસિંહજીનું શાસન હતું. ગોંડલના વેપારીઓએ પણ પ્રજાને ઊંચા ભાવે અનાજ વેચવા માંડ્યું. એ સમયમાં બાજરાના રોટલા ખાવાવાળા લોકો વધુ હતા. વેપારીઓએ મોકાનો ફાયદો ઉઠાવીને બાજરાના ભાવ બમણા અને ત્રણ ગણા કરી દીધા.

ગોંડલના મહારાજા ભગવતસિંહજી, આઝાદી પછી આપણા માથે પડતા રહેલા શાસકો જેવા જાડી ચામડીના કે વેપારીઓ સાથે કુલડીમાં ગોળ ભાંગનારા શાસકો જેવા નહોતા. બાજરાના કાળા બજારની ખબર પડી એટલે તેમણે આદેશ બહાર પાડ્યો કે વેપારીઓએ બાજરો ત્રણ રૂપિયે મણ (એટલે કે વીસ કિલો) વેચવો. એથી વધુ ભાવ ગ્રાહક પાસેથી લેનારા વેપારીને દંડ ફટકારાશે.

ભગવતસિંહજીએ બાજરાનો ભાવ બાંધી આપ્યો એ સાથે સંગ્રહખોર વેપારીઓએ બજારમાંથી બાજરો ગાયબ કરી નાખ્યો. ભગવતસિંહજીને ખબર પડી કે કેટલાક વેપારીઓએ સેંકડો મણ બાજરો સંઘરી રાખ્યો છે અને તેમણે બાજરાનો ભાવ બાંધી આપ્યો એટલે તેઓ વેચતા નથી.

ભગવતસિંહજીએ તે વેપારીઓને બોલાવ્યા. તેમણે તે વેપારીઓને વિનંતી કરી કે તમારી પાસે સેંકડો મણ બાજરો પડ્યા છે એ તમે વેચવા કાઢો. આ સમય ઊંચો નફો કમાવાનો નથી પણ લોકોને મદદરૂપ થવાનો છે.

વેપારીઓએ કહ્યું કે, અમારી પાસે બાજરો છે જ નહીં, નહીં તો બાજરો વેચવામાં અમને શું વાંધો હોય ?

ભગવતસિંહજીએ કહ્યું, 'તમે બે કલાકમાં બાજરાનું વેચાણ શરૂ નહીં કરો તો એ મુદત પછી લોકો તમારી વખારો તોડીને લૂંટફાટ મચાવશે તો તમને અને તમારી વખારોને બચાવવાની જવાબદારી રાજ્યની નહીં રહે.'

ભગવતસિંહજીની ચેતવણી પછી અડધા કલાકમાં વેપારીઓએ વ્યક્તિદીઠ અડધો મણ (દસ કિલો) બાજરો વેચવાની શરૂઆત કરી દીધી!

આવા પ્રજાવત્સલ શાસકો હોય તો પ્રજા સુખી થઈ શકે. - **મુંબઈ સમાચાર. ૨૭.૭.૧૫. 'સુખનો પાસવર્ડ' લેખક આશુ પટેલ.**

પદયાત્રા જ સાચી યાત્રા છે. બાકી બધું વિકાસના પથ પર મેળવાતું ભૌતિક સુખ છે. આપણા પગ ધરતીને સ્પર્શે - તેની રજોટ આપણા શરીરની ભીતર એક નવી ચેતના જન્માવે છે. આ ચેતના સત્પુરુષોની સખાવત રાખવા આપણને પ્રેરે છે.

સારા માનવીઓ ક્યારેય મૃત્યુ પામતા નથી. તેની સારપના ડીએનએ હવામાં સતત વીંઝાતા રહે છે.

આપણે પણ સૌ કોઈ આ પ્રકારે જીવી જ શકીએ જો જીવવાની ઈચ્છા હોય તો. - જિતેન્દ્ર તળાવિયા, સૌ. સંગત

# ખુશીઓ આપનારનો વિચાર કરીએ

એક બહુમાળી ઈમારતનું બાંધકામ ચાલી રહ્યું હતું. લગભગ ૧૦ માળ જેટલું કામ પુરુ થયું હતું. એકવાર સવારના સમયે કંસ્ટ્રક્શન માલિક ઈમારતની મુલાકાતે આવ્યા. એ ૧૦માં માળની છત ઉપર આંટા મારી રહ્યા હતા, ત્યાંથી તેમણે નીચે જોયું તો એક મજુર કામ કરી રહ્યો હતો. માલિકને તે મજુર સાથે વાત કરવાની ઈચ્છા થઈ.

માલિકે ઉપરથી મજૂરને બૂમ પાડી પણ મજૂર કામ કરવામાં વ્યસ્ત હોવાથી અને આસપાસ અવાજ થતો હોવાથી તેને માલિકનો અવાજ ન સંભળાયો. થોડીવાર પછી મજૂરનું ધ્યાન પોતાના તરફ ખેંચવા માટે માલિકે ઉપરથી ૧૦ રૂપિયાનો સિક્કો ફેંક્યો. આ સિક્કો મજૂર જ્યાં કામ કરતો હતો ત્યાં જ પડ્યો. મજૂરે તે સિક્કો ઉઠાવીને ખિસ્સામાં મૂકી દીધો અને કામે વળગી ગયો. માલિકે હવે ૧૦૦ રૂપિયાની નોટ નીચે ફેંકી. નોટ ઉડતી ઉડતી પેલા મજૂરથી થોડે દૂર પડી. મજૂરની નજરમાં આ નોટ આવતાં તેને લઈને ફરીથી ખિસ્સામાં મૂકી દીધી અને ફરી પાછો કામે વળગી ગયો. માલિકે હવે ૫૦૦ રૂપિયાની નોટ નીચે ફેંકી તો પણ પેલા મજૂરે અગાઉ બે વખત જેમ કર્યું હતું એમ જ કર્યું.

માલિકે હવે હાથમાં નાનો પથ્થર લીધો અને પેલા મજૂર પર માર્યો. પથ્થર લાગ્યો એટલે મજૂરે ઉપર જોયું અને પોતાના માલિકને જોતાં તેની સાથે વાતો ચાલુ કરી.

અહીં આપણે પણ આ મજૂર જેવા જ છીએ, ભગવાનને આપણી સાથે વાત કરવાની ઈચ્છા હોય છે એ આપણને સાદ પાડીને બોલાવે છે પણ આપણે કામમાં એવા વ્યસ્ત હોઈએ છીએ કે પ્રભુનો સાદ આપણને સંભળાતો જ નથી. પછી એ નાની નાની ખુશીઓ આપવાનું શરૂ કરે છે પણ આપણે તેને ખિસ્સામાં મૂકી દઈએ છીએ પણ ખુશી આપનારનો આપણને વિચાર જ નથી આવતો. છેવટે ભગવાન દુ:ખરૂપી નાનો પથ્થર આપણા પર ફેંકે છે અને તુરંત જ આપણે ઉપર ઉભેલા માલિક - ઈશ્વર સામે જોઈએ છીએ. પરંતુ જો આપણે નાની નાની ખુશીઓ ભોગવવાની સાથે તે ખુશીઓ આપવા બદલ ભગવાનનો આભાર પણ માનીએ અને તેને હરહંમેશ યાદ કરતાં રહીએ તો પ્રભુને આપણને દુ:ખ આપવાનો અવસર નહી આવે.

પ્રભુ ઈશ્વર, પરમેશ્વર ક્યારેય પણ પોતાના બાળકોને દુ:ખ આપવાનું નથી ચાહતા, પણ જ્યારે બાળક તોફાન કરે કે પોતાના માતા-પિતાનું કહ્યું ના માને ત્યારે જેમ માતા-પિતા બાળકોને ઠપકો આપી સમજાવે છે તેમ પ્રભુ પણ આપણને એ સમજાવે છે.

આથી પોતાના જે પણ ઈશ્વર હોય તેને સુખ અને દુ:ખ બંનેમાં યાદ કરવા જોઈએ, કેમકે સુખમાં યાદ કરવાથી એ સુખને પચાવવાની હિંમત અને દુ:ખમાં યાદ કરવાથી દુ:ખને સહન કરવાની તાકાત એ પરમેશ્વર આપણને પુરી પાડે. - **મયુર બી. જાની, ગુજરાત સમાચાર. ૨૦.૭.૧૫**

**આપણી મેલીવૃત્તિ અંદરના ઊંડાણમાં પડેલા કચરાને ઊંચકી ઊંચકીને કિચડ બોટની જેમ તળીએ રહેલ કાદવ ને પોતામાં ભરે છે. આવા કીચડ બોટ જેવા મનનું દિવ્ય મનમાં રૂપાંતર કરવું તે આપણા હાથની વાત છે અને તે છે સાચું આત્મ નિરીક્ષણ કરવાની ટેવ. સતત અને સાચું અંત:કરણનું નિરીક્ષણ જ મેલા મનને દિવ્ય મનમાં ફેરવી નાખે છે.- ગુરુવર્ય નાનચંદ્રજી મહારાજ**

# પત્રપ્રસાદી

૧. તા.૧૫.૭.૨૦૧૫ 'ગોરક્ષા પાત્ર' જુલાઈ-૨૦૧૫ નો અંક મળ્યો. વાંચીને આનંદ થયો. ચમત્કાર રૂપે પ્રગટ લેખ વાંચીને નો જાણે પ્રેરણાનો ધોધ મળ્યો. ખેતી વિષયક લેખો પણ સરસ છે તથા અન્ય વાંચન સામગ્રી પણ રસપ્રદને સરસ છે. **બાબુલાલ ગોર, ભુજ (કચ્છ).**

૨. હરિ ૐ 'અંતઃકરણ ચતુષ્ટય'માં રજુ થયેલ જીવન તથા અધ્યાત્મના યથા સંભવ સમગ્રલક્ષી દર્શનને આપ સરસ રીતે પામી શક્યા એટલું જ નહીં પરંતુ તે દિશામાં વધુ આગળ વધવા મને હૃદયથી પ્રોત્સાહન આપ્યું તે માટે આનંદ. એ દર્શન વધુ ને વધુ તટસ્થ, સર્વસામાન્ય, યથાર્થ અને રસમય સ્વરૂપે આપણી સૌની અંદરનિરંતર વિકસતું રહે તથા તેનો ઉજાસ અંદર-બહાર સમગ્ર સૃષ્ટિમાં છવાઈ જાય તેવી પ્રભુને પ્રાર્થના! એ દર્શનની થોડીક ઝલક, થોડાક શબ્દોમાં, બાલસહજ ભાવે.

નભમાં ખુલ્યાં નયન; ચોમેર અજવાળું છાયું
થયો દિવ્ય સંચાર; કણકણ ચૈતન્ય મળ્યું.
ઉડ્યો આનંદ ફુવાર; નસનસ અમૃત રેલાયું.
પાયો પ્રભુનો પ્રેમ; સકલ સૌંદર્ય મહેક્યું.
ગુંજ્યો અવિરત નાદ; સુમધુર સંગીત સર્જાયુ.
વરસી કૃપા અખંડ; સઘળું સુખમાં પલટાયું.
એવો પરમનો કૉલ; બધું સમૂળ બદલાયું.

**- મહેશભાઈ ભટ્ટ, ભાવનગર**

૩. ઈતિહાસ બદલવો કે ચીલો ચાતરવો આ ૧ નું જ કામ છે. ઈશ્વર એક છે, પ્રકૃતિ એક છે, જીવ પણ મુળે એકલો છે. ફરીરુદ્દીન અત્તાર(સંત)ની જેમ આ ધરતી ઉપર જન્મેલ અનેક વિભુતીઓએ સ્વશક્તિ વિકસાવિને સુંદર પરિણામો મેળવ્યાં છે. જે બધા અમર બની ગયા છે. જીવવાની ઢબ સર્વોત્કૃષ્ટ શુદ્ધિની હોવી જોઈએ. તંત્રીનો લેખ ગમ્યો. સફળતા, નિષ્ફળતા મુકી કોરાણે ફક્ત અનાસક્ત ભાવે શુભ કાર્યો પુરી નિષ્ઠાથી કરતા રહો. જીવતર ધન્ય બનાવવાનો ધ્યેય રાખો ને, ભાઈ! ભારતીય તમામ ઝુંબેશોમાં દેખાવ, દંભ, ધનની દુર્વ્યય વધ્યાં છે. તુક્કા, તોફાન, બીન જવાબદારી જોવા મળે છે. ન દેશ-પ્રેમ વધે છે. ન સંસ્કાર વધે છે. મકરંદ દવે વીશે શું કહું? સાચો વૈરાગ્ય ભગવદ્ ભક્તિ જેની રગેરગમાં - **લવજી શંકર ચૌધરી, ગઢા.**

૪. ગોસેવા અંગે તથા ગૌચર વિકાસ બોર્ડની અદ્યતન વેબસાઈટ શરૂ કરવામાં આવી છે, જે વેબસાઈટ પરથી બોર્ડની પ્રવૃત્તિઓ, યોજનાઓ અને પ્રોજેક્ટની માહિતી મળી શકશે. www.gauseva.gujarat.gov.in - ગો રક્ષિની રક્ષિતઃ ગોધનની રક્ષા કરવાથી માનવ સ્વાસ્થ્યની રક્ષા થશે. દેશી ગાયનું દુધ પાચન શક્તિ સુધારે, રક્ત પ્રવાહ સુવ્યવસ્થિત કરે, કેન્સર રોગનું નિયંત્રણ કરે, વધુ પ્રમાણમાં કેલ્શિયમ હોવાથી હાડકા મજબૂત બને, ફ્રેક્ચર થાય ત્યારે ગાયના દુધમાં હળદર મિશ્ર કરી ગરમ દુધ પીવાથી હાડકા જલ્દી સંધાય, આંખોની જ્યોતિ વધે, સ્મરણ શક્તિ વધે, વૃધ્ધાવસ્થામાં ક્ષયનાશક છે. દેશી ગાયનું ઘી વાત પિત તથા વિષદ્રવ્ય Toxin નો નાશકર્તા તથા આંખોની જ્યોતિ વધારનાર છે. શુક્ર વર્ધક તથા ગઠિયા, ઘાંવ, જલન, હોઠ ફાટવા, ગળાની ખરાબી, સફેદ દાગ, ઘૂંટન દર્દ, સોજા, ફૂન્સી, રક્ત વિકાર, શીર દર્દ હૃદય રોગ તથા મેદવૃધ્ધિ નિવારક છે. **નલ્લા દારૂ**, P.O. Box-294, Surat-345003.

## --: જાહેર આમંત્રણ :--

## ગાય આધારીત સજીવખેતી ખેડૂત મિલન

| | | |
|---|---|---|
| તારીખ | : | ૧૬.૯.૨૦૧૫ |
| સમય | : | બપોરે ૨-૦૦ થી ૩-૦૦ કલાકે રમણીકભાઈ ગૌમંદિર (કાયાવરોહન) ગૌઅર્કથી, શરદી થી કેન્સર સુધીની દવાઓ આપશે. |
| સમય | : | બપોરે ૪-૦૦ થી ૬-૦૦ કલાકે |
| મુખ્ય વક્તા | : | શ્રી મનસુખભાઈ સુવાગીયા ગોઉપાસક, રાજકોટ. |
| સ્થળ | : | શ્રી. પી. એન. પઢિયાર હાઈસ્કુલ, અણોર |
| ગામ | : | અણોર, તા. આમોદ, જિ. ભરૂચ. |

વિદેશી જાનવર જર્સી, એચ.એફ તે ગાય જ નથી તેવી આપણા ખેડૂતો ને ખબર જ નથી. જર્સી, એચ. એફ ને ખૂંધ નથી. સૂર્યકેતૂ નાડી નથી. પિત્તચક્ર નથી તેનું દૂધ ઘોળુ છે તેનું દૂધ પીવાથી રોગો આવે છે. તેમ ન્યુઝીલેન્ડના વિજ્ઞાનિકોએ સિધ્ધ કર્યું છે. જર્સી ગાયનું દુધ વેચનારા સમાજની કુસેવા કરી રહ્યા છે. ન્યુઝીલેન્ડ દેશની સરકાર ભારત દેશમાંથી ગીર, દેશી, કાંકરેજ (જે ખૂંધવાળી ગાય છે તે) ગાયો આયાત કરવાનો નિર્ણય લીધો છે. આપણા દેશના ખેડૂતોને આપણી ગાય માતાનું મુલ્ય સમજાવું જોઈએ.

આજે આપણી ગાયની કિંમત આપણને નથી. બ્રાઝિલ નામના દેશે વર્ષો પહેલા ખુબ અભ્યાસ કર્યા બાદ ત્યાંથી અધિકારીઓ આપણા દેશમાં આવી ગુજરાત સૌરાષ્ટ્ર ક્ષેત્રમાંથી અહીથી તે લોકો ઉત્તમ ઓલાદની થોડી ગીર ગાયના ઘણખૂંટ તેમના દેશમાં લઈ ગયેલા. આજે ત્યાં લાખો ગીર ગાયો છે. આ ગાયો ત્યાં શ્રેષ્ઠ પુરવા થઈ, એટલું જ નહી ત્યાંથી તેમણે બીજા દેશમાં નિકાસ કરી. આપણી ગાયો પ્રત્યે જો વૈજ્ઞાનિક રીતે પુરુ ધ્યાન આપવામાં આવે તો ગાયની સ્થિતિ સારી રીતે સુધારી શકાય છે. બ્રાઝિલના ચલણમાં ગીર ગાયોનો ફોટાવાળો સિક્કો છે. ઉત્તમ ઓલાદ ગીર ગાય વેતરમાં ૩૦૦૦ થી માંડીને ૬૦૦૦ લીટર સુધીનું દૂધ આપી શકે છે, જેના થી આપણે અજાણ છીએ, આ ગાયોમાં રોગ પ્રતિકારક શક્તિ ખૂબજ છે.

આ મિલનમાં શ્રી રમણીકભાઈ સંતોષીયા ગૌમંદિર કાયા વરોહણવાળા નાડી તપાસી શરદી થી કેન્સર સુધીના દર્દીઓને ગોમુત્ર અર્ક અને ઔષધીઓની દર્દીઓને દવા આપવામાં આવશે.

**- સૌ. યોગેશભાઈ મિસ્રી, મો.૯૯૦૯૨૦૪૫૬૬,**

## લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. મુંબઈ જૈન યુવક સંઘ, (પ્રબુધ્ધ જીવન) | - મુંબઈ | ૧૦૦૦/- |
| ૨. જયંતીભાઈ સોની | - કાંદિવલી | ૫૦૦/- |
| ૩. ડૉ. જીતુ પટેલ | - બકરોલ | ૨૦૦/- |
| ૪. અજીતભાઈ સોની | - ઉમરેઠ | ૨૦૦/- |
| ૫. જશવંતભાઈ દોમડિયા | - ઘાટકોપર | ૧૦૦/- |
| ૬. મહેન્દ્રભાઈ સંગોઈ, પ્રમુખ અહિંસા મહાસંઘ | -દહિસર | ૨૦૦૦/- |
| ૭. હીરાલાલ જૈન | - મલાડ | ૫૦૦/- |
| ૮. મહેન્દ્રભાઈ ઉત્તમભાઈ શાહ | - ભાવનગર | ૫૦૦/- |

# જાગત હૈ સો પાવત હૈ

**R.N.I. No.MAHGUJ / 2002 / 9750**

પ્રભુને પામવા માટે કેટલો સમય લાગશે તેનો આધાર આપણી ભાવના અને ભક્તિ પર છે. પ્રભુને પામવાની ત્વરા, તીવ્રતા અને સઘન આકાંક્ષા અને અભિપ્સા હશે તો માર્ગ ટૂંકો અને આસાન બની જશે. આ અંગે ઈસપની એક બોધકથા છે.

ઈસપ એક રસ્તાને કિનારે પથ્થર પર બેઠો હતો. એક માણસે ત્યાંથી પસાર થતા પૂછ્યું, ભાઈ સ્ટેશન કેટલું દૂર છે અને કેટલા સમયમાં પહોંચી શકાશે. ઈસપ કાંઈ પણ બોલ્યો નહીં અને તેની સાથે ચાલવા લાગ્યો.

પેલા માણસે કહ્યું, ભાઈ મારી સાથે ચાલવાની જરૂર નથી. મારે તો માત્ર એટલું જાણવું છે સ્ટેશન કેટલું છેટું છે અને પહોંચતા કેટલો સમય લાગશે.

ઈસપે તેની સાથે પાંચ મિનિટ ચાલ્યા પછી કહ્યું, સ્ટેશને પહોંચતા તમને આશરે દોઢ કલાકનો સમય લાગશે. પેલા માણસે કહ્યું, તમે મને જ્યાં બેઠા હતા ત્યાં જ આ કહી શક્યા હોત. તમે આટલે સુધી ચાલવાની તકલીફ કેમ લીધી ?

ઈસપે કહ્યું, જ્યાં સુધી હું તમારી ચાલ અને ઝડપ ન જોઉં ત્યાં સુધી કેમ કહી શકું કે તમે કેટલા સમયમાં પહોંચી શકશો. રસ્તાની લંબાઈથી માણસની ચાલ થોડી નક્કી થઈ શકે છે. પ્રભુ સમક્ષ આપણે ક્યારે પહોંચી શકીએ, તેમના સાંનિધ્યનો અનુભવ ક્યારે માણી શકીએ તેનો આધાર આપણી ત્વરા પર છે. કાચબાની ચાલે ચાલીએ તો જનમોના જનમ લાગી જાય. નહીંતર પ્રભુ સુધી પહોંચવા એક છલાંગ પૂરતી છે. કેટલાય મહાત્માઓ એક ક્ષણમાં પરમપદને પામ્યા છે. જીવનમાં સમયની સાથે ઝડપ મહત્ત્વની છે.

ખોટાં કર્મો અને કષાયોના કારણે આપણે દુ:ખી અને ભયભીત છીએ. માણસને અનેક પ્રકારના ડરો સતાવે છે. આજીવિકાનો ડર, માનહાનિનો ડર, પ્રિયજનના વિયોગનો ડર, સંપત્તિના નાશનો ડર. સૌથી મોટો ડર મૃત્યુનો છે. ધર્મના સિદ્ધાંતો મનુષ્યને અભય અને અજાતશત્રુ બનાવે છે. મનમાં રાગ-દ્વેષ ન હોય, ક્રોધ-અહંકાર ન હોય, લોભ, લાલસા અને આસક્તિ ન હોય તો ડરવા જેવું કશું નથી. પ્રભુના પરમતત્ત્વમાં શ્રદ્ધા અને વિશ્વાસ હશે તો કોઈ પણ દુ:ખ હળવું બની જશે. સુખદુ:ખનાં વાવાઝોડા આવવાના છે. જે ઘટિત થયું છે તે થયા વગર રહેવાનું નથી. કોઈ પણ બાબત કાયમી નથી. કાળનું ચક્ર ફર્યા કરે છે. સમય બદલાયા કરે છે. પરિસ્થિતિ પલટાયા કરે છે, પરંતુ મન સ્થિર હશે અને પ્રભુ પ્રત્યે ભરોસો હશે તો સંકટમાંથી બહાર નીકળી શકાશે.

એક માણસ લગ્ન પછી તેની પત્નીને લઈને હોડીમાં બેસી નદીના સામા કિનારે પોતાના ગામ તરફ જઈ રહ્યો હતો. અધવચ્ચે પહોંચ્યા પછી પવનનું જોરદાર તોફાન ઊભું થયું. હોડી હાલકડોલક થવા લાગી. હોડી કોઈ પણ પળે ઊંધી વળી જશે એવો ભય ઊભો થયો. પત્ની ધ્રુજવા લાગી પણ પતિ શાંત અને સ્થિર બેઠો હતો. પત્નીએ પૂછ્યું: તમને ભય લાગતો નથી? આ સાંભળીને પતિ ઊભો થયો અને તેણે મ્યાનમાંથી તલવાર કાઢી અને પત્નીના ગળા પર મૂકીને કહ્યું, તને આ તલવારનો ડર લાગે છે ? પત્નીએ કહ્યું, મને શેનો ડર લાગે હું જાણું છું કે તમે મને પ્રેમ કરો છો અને મારું રક્ષણ કરશો. હું શા માટે આ તલવારથી ગભરાઉં ?

આ વાત સાંભળીને પતિએ તલવારને પાછી મ્યાનમાં મૂકતા કહ્યું: ભગવાન આપણને ચાહે છે. વાવાઝોડાની તલવાર ભલે તેમના હાથમાં હોય, પરંતુ પ્રેમ અને શ્રદ્ધા હોય ત્યાં ડરવાનું ન હોય જે કાંઈ બનશે એ આપણા હિતમાં હશે. આનું નામ શ્રદ્ધા અને પ્રભુ પ્રત્યે વિશ્વાસ. જ્યારે આપણું કશું ચાલે નહીં ત્યારે બધું પ્રભુને આધીન કરીને તેના પરમતત્ત્વમાં વિશ્વાસ રાખવો જોઈએ. આ શ્રદ્ધા હિંમત અને આત્મવિશ્વાસ ઊભા કરશે. તારવાવાળો અને ઉગારવાવાળો પ્રભુ છે અને આખરે તે સાચો આધાર છે. - **સૌ. મુંબઈ સમાચાર ૨૭.૭.૧૫, લેખક: મહેન્દ્ર પુનાતર**

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો...શ્રીમદ્ રાજચંદ્ર**

**Post Registration No. MNW/277/2015-17**
Registration No. with Registrar of Newspaper
RNI No. MAHGUJ/2002/9750
Posted at Liberty Garden, P.O.
on 5th or 6th of every month.

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**રમેશ એસ. દોશી (નિમિત માત્ર)**
**બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ.**
**નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ),**
**મુંબઈ-૪૦૦ ૦૬૪. મો.નં.: ૭૫૦૬૭૫૦૨૫૧**
Email: doshir65@gmail.com **થી પ્રકાશિત કર્યું.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ, અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**

**ગોરક્ષા પાત્ર**
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

To,